R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 58 Issue No. 2

May - 2014

## વિશ્વરૂપદર્શન અને રાષ્ટ્રભાવના

સ્વામી ચિન્મયાનંદ ભગવાનના વિશ્વરૂપદર્શનની વાત સંતસાગરમાં કરતા કહે છે. કૃષ્ણે આકાશને અડે એવું અસંખ્ય માથાં અને હાથપગવાળું રૂપ ધારણ કર્યું એવું ન સમજશો. કૃષ્ણ એવું વિચિત્ર રૂપ ધરે નહિ. પણ એમણે અર્જુનને દિવ્ય દૃષ્ટિ આપી, જેના પ્રતાપે જગતના તમામ પ્રાણીપદાર્થોની સાથે અર્જુન પોતાની એકાત્મતા સાધી શક્યો. એક દૃષ્ટાંત દ્વારા સમજાવે છે. ગાંધીજી ભારતના રાજકીય તખ્તા પર આવ્યા તે પહેલાં આપણે બધા આપણી નાતજાતના અને ભાષાના સંકુચિત વાડામાં વિચાર કરતા હતા, આપણને ભારતવર્ષનો કંઈ સ્પષ્ટ ખ્યાલ જ નહોતો. પછી ગાંધીજીએ આવી આપણને દિવ્ય દૃષ્ટિ આપી. આપણામાં રાષ્ટ્રભાવના જગાડી. હવે આપણે સમગ્ર દેશનો વિચાર કરતા થયા. આપણે હિંદુસ્તાનના કરોડો માણસોની સાથે એકાત્મતા અનુભવતાં શીખ્યા, એટલે સુધી કે દૂર વિદેશમાં પણ જો કોઈ હિંદીનું અપમાન થાય તો આપણું જ અપમાન થયું છે એવું આપણને દરેકને લાગે! નાતજાત ધર્મ અને ભાષાના ભેદો આ રાષ્ટ્રીય ચેતનામાં અદૃશ્ય થઈ ગયા! તેવી જ રીતે, જ્યારે ભગવાને અર્જુનને વિશ્વચૈતન્યની દિવ્ય દૃષ્ટિ આપી ત્યારે અર્જુનને વિશ્વની સાથે, વિશ્વના તમામ જીવોની સાથે એકાત્મતાનો અનુભવ થયો, અને તેનો દ્વૈતભાવ અદૃશ્ય થઈ ગયો!

- સંકલન

# SHREE BALASINOR NAVYUVAK SANGH
## NOTICE OF 64$^{TH}$ ANNUAL GENERAL MEETING

Date : 20/5/2014

To,

All Members,

Notice is hereby given that 64$^{TH}$ Annual Meeting of Shree Balasinor Navyuvak Sangh will be held under the presidentship of Shri Kalpesh Suresh Dharia (Balbal) on Sunday 29$^{TH}$ June 2014 at 5.00 P.M at Shri Mohanlal Sankerlal Shah (Zat) Sabhagrah to transact the following Business on the agenda.

## AGENDA FOR THE MEETING

1. To read, confirm and approve the minutes of the 63$^{rd}$ Annual General Meeting held on 22$^{nd}$ June 2013.
2. To receive, consider and adopt the managing committee report for the year 2013-2014.
3. To receive, Consider and adopt the audited Accounts of the Sangh for the year ended 31$^{st}$ March 2014.
4. To appoint the Auditor for the year 2014-2015 and fix his remuneration.
5. To distribute the education prizes under the scheme named Smt Shantaben Shantilal Shah (Choksi) Annual Educational Prize Distribution.
6. To Distribute the prizes of Shri Surendra Parikh (Surendra Trading Corporation) & Shri Daxeshbhai/Shri Minishbhai Kadakia Indoor Sports Activity.
7. Any other matter from the desk of President.
8. President Address

**NOTES**

1) If the meeting is adjourned for the want of Quorum the same will be held on the same day at the same place after half an hour of the appointed time and the adjourned meeting will transact the business on the agenda, irrespective of whether there is Quorum or not.
2) All Members are requested to be present for the meeting on time.

**Hon Secretary - Bhavesh Bipin Modi - (Thasrawala)**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૮ | ૨ | ૨૧-૦૫-૨૦૧૪ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

ફોન : ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઇઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


**તંત્રી મંડળ તરફથી**

# સરકાર તમારી કાર્યસૂચી અમારી

**સમાજની અપેક્ષાઓને સરકાર પૂરી કરી શકશે ?**

**- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

**મારા બે સવાલ - તમારા સાત સુપરડુપર જવાબ**

૧૬મી મેની સાંજ પછી સર્વ કસીનો, જુગાર, જનતા, નેતાના મગજના ચકરડા અટકી જશે. શરૂ થશે નવી મમત, નવી રાજરમત, ૧૬મી લોકસભાની ચૂંટણીના પરિણામ વખતે આ વખતનો જ્યોતિપુંજનો અંક પ્રિન્ટીંગમાં હશે. લોકસભાની તબક્કાવાર ચૂંટણી ચાલી રહી હતી તે દરમ્યાન મેં આપણા બાલાસિનોરવાસીઓને ફોન કર્યા, ક્યાંક રૂબરૂ મળ્યો અને સરકાર માટે બે સવાલ પૂછયા.

**સવાલ - ૧ :** આપણા દેશની નવી સરકારે પ્રજા માટે કેવા કાર્યો કરવા જોઈએ ?

**સવાલ - ૨ :** વતન બાલાસિનોર માટે ત્યાંની સરકારે કેવા કાર્યો, વ્યવસ્થાઓ કરવી જોઈએ ?

ખાસ જણાવવાનું કે દરેકે દરેક જણે મને એટલો પ્રોત્સાહિત કર્યો છે કે તેમણે ઉત્સાહપૂર્વક મારી વાત સાંભળી, સવાલ સમજ્યા અને દરેક જણે મને જવાબ લખી મોકલાવ્યા, Email કર્યા, સામા ફોન કર્યા, કિંમતી સમય કાઢી ને મને રૂબરૂ આવી ને જવાબ આપી ગયા. ધન્ય છે સૌ બાલાસિનોર વાસીઓ. સમાજનું

કોઈપણ કાર્ય હોય મને વિશ્વાસ છે આપણા લોકો પૂરેપૂરા ઉત્સાહ અને ખંતથી તે માટે આગળ આવે છે, અને કાર્ય ને પરિપૂર્ણ કરી ચાર ચાંદ લગાવે છે.

## પ્રખ્યાત ડૉકટર (સ્પેશ્યાલિસ્ટ)

## Health Care Facilities:-

એક ડૉકટર તરીકે મને એવું ફિલ થાય છે કે નવી ગવર્મેન્ટે Health for all જેવી પોલિસી અમલમાં મૂકવી જોઈએ. તે લોકોના ખિસ્સા ને પરવડે તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. આ કાર્ય ત્વરિત થાય તેવી સિસ્ટમનું નિર્માણ થવું જોઈએ. નીચલા વર્ગને ખૂબ જ રાહત દરે સારવાર મળવી જોઈએ. તંદુરસ્તી અને સ્વસ્થતા માટે જાગૃતિ કેળવાય તે માટે અલગ અલગ માધ્યમો દ્વારા પ્રચાર કરવો અને કરતા રહેવું જોઈએ. પેશન્ટ અને ડૉકટર બંનેને સુગમતા રહે તેવી વર્ગીકૃત હેલ્થ કેર પોલીસી હોવી જોઈએ. સાધ્ય અને અસાધ્ય દરેક પ્રકારના રોગ સામે લડવાની ઝઝુમવાની જાગૃતિ રહે તે માટે આ ક્ષેત્રમાં પ્રોત્સાહિત કાર્યો કરવા જોઈએ.

**Availability of necessecities :**

રોજિંદી જીવન જરૂરિયાતની વસ્તુઓ કિફાયતી ભાવે મળવી જોઈએ. અન્ન દરેકને ઉપલબ્ધ થવું જોઈએ. કોમન ફૂડ આઈટમ્સના ભાવ ઓછા હોવા જોઈએ. આના લીધે અપોષણથી પીડાતા લોકોની સંખ્યા દેશમાં ઘટશે.

**Education :** દરેક ને શિક્ષણ. આખી શિક્ષણ પદ્ધતિમાં ધરખમ ફેરફાર કરી નવી પોલીસી દાખલ કરવી જોઈએ. દરેક બાળકી ને શિક્ષણ પ્રાપ્ત થાય તેવા નિયમો ઘડવા જોઈએ.

**Employment :** નવા રોજગાર નિર્માણ, નવી લેબર નીતી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટસ્ માટે જગ્યા ઉપલબ્ધ કરવી, ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તેવા ભાવે વીજળી, પાવર આપવા. સ્કીલ ડેવલપમેન્ટ વગેરે.

**Infrastructure Projects:** નવનિર્માણ થવું જોઈએ રસ્તાઓનું, રેલ્વે સ્ટેશન, મકાનો, એરપોર્ટ વગેરેનું પ્રજાના લાભ માટે આ દરેક માટે સમયોચિત કાર્ય કરી પૂર્ણ કરવા.

**Women Emprovement :** મહિલાઓ માટે દરેક ક્ષેત્રમાં અનામત જગ્યા હોવી જોઈએ. તેમને કામ માટેની વધુ તક પ્રદાન કરવી જોઈએ.

**Judical Reforms:** ન્યાયાલયોમાં દરેક કાર્ય સુવ્યવસ્થિત અને ઝડપી બનાવવા જોઈએ.

**Implimentation of Democracy, Improvement in Insestment Policies, Easy Taxation** પ્રજાના હિત માટે અગ્ર ક્રમે રાખવા.

બાલાસિનોર મુકામે ત્યાંની હોસ્પિટલ સમાજ માટે તંદુરસ્તની જાળવણી અને સારવાર વગેરે ક્ષેત્રમાં ખૂબ સારા કાર્યો કરી રહી છે. હજુ મોટાપાયે સુધારાવધારા અને કાર્યક્ષેત્રમાં હરણફાળ ભરવામાં આવે તો બાલાસિનોર તથા આજુબાજુના ગામડાના વધુ લોકો પણ સેવાનો લાભ લઈ શકે. બાલાસિનોરને આજુબાજુના મુકામ, શહેરો સાથે જોડતા રસ્તાઓ વ્યવસ્થિત બનાવવા જોઈએ. સરકારે શિક્ષણ ક્ષેત્રમાં સૌના લાભમાં રહે તે રીતે વધારે શાળા, કોલેજનું નિર્માણ કરવું જોઈએ. છોકરો-છોકરી દરેકના સુંદર અને મજબૂત ભવિષ્ય માટે આ ક્ષેત્રમાં દીર્ઘદૃષ્ટિ રાખી

કાર્યપદ્ધતિ અપનાવવી જોઈએ. બાલાસિનોરને ટુરિઝમ ક્ષેત્રમાં પ્રમોટ કરવું જોઈએ. જેથી નવી જોબ નિર્માણ થાય અને વધુમાં વધુ લોકો બાલાસિનોરની મુસાફરી કરતા થાય. સરકારની કાબેલિયત અને સાચું ચિત્ર તો ત્યારે જ નિર્માણ થશે જ્યારે સરકાર દરેક ક્ષેત્રને સક્ષમ કરવા સર્વગ્રાહી કાર્યો કરશે અને કરી બતાવશે.

## નામાંકિત મહિલા કલાકાર

મોંઘવારીને કાબુમાં રાખવી, જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવ ઓછા કરવા જેથી બધાને પોસાય. જીવન જરૂરિયાતની પાયાની ચીજોનો સટ્ટો સદંતર બંધ કરાવવો જોઈએ. સ્ત્રીઓ પર થતા વ્યભિચાર, બળાત્કાર અને અત્યાચાર માટે મુસ્લીમ દેશોમાં જે કાયદા છે જેવા સાથે તેવા તે બનાવવા જોઈએ જેથી કરીને ખોટા કામનો ઉદય થાય તે પહેલાં જ અસ્ત થઈ જાય. મુશ્કેલીમાં હોય ત્યારે મદદમાં આવે એવી હેલ્પલાઈન, એમ્બ્યુલન્સ, પોલીસ, વકીલની સેવા મળવી જોઈએ તે પણ નિઃશુલ્ક. લોકસભા અને વિધાનસભામાં સ્ત્રીઓ માટે જે અનામત સીટો છે તે પૂરે પૂરી ભરાઈ જાય અને સ્ત્રીઓ પણ વહીવટમાં ભાગીદાર બને તેવી કમ્પલસરી નીતીનો અમલ થવો જોઈએ.

બાલાસિનોર માટે સેવાલિયા સુધીની ટ્રેનની વ્યવસ્થા કરવી જોઈએ. કેદારેશ્વર, ગોપેશ્વર, કાંતિલાલ પાર્ક વગેરે સરસ બનાવ્યુ પણ ત્યાં સુધી પહોંચવાના રસ્તા, તેમજ શાક માર્કેટ, બસસ્ટોપ તરફના તથા તમામ રોડ બરાબર બનાવવા જોઈએ. સુદર્શન તળાવ પાસે પહોંચતા નાક બંધ કરી દેવું પડે એટલી ગંદકી છે. તળાવની આજુબાજુ તેમજ અંદરની બાજુની ગંદકી દૂર કરવી જોઈએ. લાંબે સુધી ફરવા ન જઈ શકે તે લોકો તળાવ પાસે બેસી શકે તેવી સુંદર વ્યવસ્થા કરવી જોઈએ. ખરાબમાં ખરાબ હાલત વાડી કુવાની છે તે સુધારવી જોઈએ. આવનારી પ્રજાને માદરેવતન જવાનું મન થાય તે તરફ સૌએ ધ્યાન આપવું જોઈએ તેવા કાર્યો કરાવવા જોઈએ.

## પ્રસિદ્ધ ચીફ એન્જીનીયર :

આજે આપણા દેશને ખાસ જરૂર છે Research and Development ની. ભારતદેશમાં જરૂર છે નવી નવી કંપની ઉભી કરી More Employment નું સર્જન કરવું. Health અને Wealth પર પણ ગવર્મેન્ટે એટલું જ ધ્યાન આપવું તેને Important આપવું જરૂરી છે. જેથી કામની જગ્યાઓમાં માણસોની હાજરીમાં સુધારો થાય અને એટલે જ Production અને Quality માં Improvement જોવા મળે. આ બધી વાત અધુરી છે. સારા Education વગર. Education માટે આપણી કોલેજોને Update કરવાની ખાસ જરૂર છે. જેથી World ના level સાથે આપણો વિદ્યાર્થી ઉભો રહી શકે. Education માં કોઈ માઈનોરીટી બનાવી રાખ્યા વગર વિશ્વના તખ્તા સામે આપણો વિદ્યાર્થી ઉભો રહી શકે તેવા ફેરફાર જરૂરી છે. ડીફેન્સમાં શસ્ત્રો માટે, દરેક ક્ષેત્રે ટેકનોલોજીમાં વિકાસની જરૂર છે. રોડ, રેલ્વે, કનેકટીવીટી વધારવાની જરૂર છે.

બાલાસિનોર વતનમાં લઘુ ઉદ્યોગની ખાસ જરૂર છે. જેથી ITI માં Train થયેલા આપણા વિદ્યાર્થીઓને લાભ થાય. ગાંધીજી પણ એ જ કહેતા કે ગામડાનો વિકાસ કરજો તો ભારતનું સઘળુ સચવાઈ જશે. ગામડાનો માણસ શહેરમાં આવ્યા પછી પૈસા તો મેળવે છે. સાથે બીમારીનો ભોગ ભોગવે છે. બાલાસિનોરની આજુબાજુ એટલી બધી જગા છે કે એનો સારી રીતે અને પદ્ધતિસર પ્લાન કરે તો વિકાસ સારો થઈ શકે.

## આધુનિક ગૃહિણી (ટયુશન ટિચર)

એક નારી તરીકે સૌ પ્રથમ હું મારા ઘરનો તથા મારા કુટુંબનો વિચાર કરીશ. અમારા રહેઠાણ ક્ષેત્રમાં જે કોઈ પાર્ટીનો ઉમેદવાર જીતી જાય તેની પાસેથી હું એવી આશા રાખીશ કે જીવનજરૂરિયાતની વસ્તુઓ, ધનધાન્યના ભાવમાં રાહત આપે. રોજિંદી જરૂરીયાતો જેવી કે શાકભાજી, ફળફળાદિ વગેરેના ભાવ ઓછા કરે. આ વધતા ભાવનું ચક્ર આકાશ ને અડી ગયું છે તે મહિનાના બનાવેલા બજેટ વારંવાર ખોરવાઈ જાય છે. બીજું કાર્ય હું મારા અને મારા બાળકોની સંપૂર્ણ સુરક્ષા માટે વિચારીશ. રોડ છાપ રોમિયો અને બદમાશોને લીધે સ્ત્રીઓ અને બાળકો હંમેશા ભયના ઓથાર હેઠળ બહાર નીકળતા હોય છે. સખત કાયદા ઘડી, લાગુ પાડી દેવા જોઈએ અને સિનિયર સિટીઝનોની સુરક્ષા માટે પણ સખત કાયદા અને દંડાત્મક જોગવાઈ હોવી જોઈએ. ભણતર અને કેળવણી ક્ષેત્રને ઉંચા દરજજાના ફલક પર લઈ જવું જોઈએ અને નવયુવાનો માટે વધારે માં વધારે કાર્યક્ષેત્રો નિર્માણ કરી રોજગારી મેળવતા કરવા જોઈએ. ભરચક ટ્રેનોના નિવારણ માટે રેલ્વેતંત્રમાં પાયાના ફેરફાર અને સુવિધાઓ આપવી જોઈએ.

આપણા વતન બાલાસિનોર માટે ત્યાંના ચૂંટાયેલા તંત્રએ બાલાસિનોરમાં સારામાં સારા રસ્તાઓ બનાવવા જોઈએ. સુવિધાપૂર્ણ શાળાઓ-કોલેજનું નિર્માણ કરવું જોઈએ. ઉચ્ચ અભ્યાસ માટે ત્યાંના બાળકોને શહેરોમાં ભટકવું ન પડે તે માટે અગ્રતાક્રમવાળા નવા નવા અભ્યાસક્રમો ઉમેરતા જવું જોઈએ.

બાલાસિનોરને પોતાનું સ્ટેશન હોય તે આજના સમયની માંગ છે. **(ક્રમશ:)**

# અતઃ શર્વાત્મના શશ્વદ્

– ઉર્વીશ રસિકલાલ મોદી (દેવ)

આપણા પુષ્ટિમાર્ગના સ્થાપક આચાર્ય શ્રી મહાપ્રભુજી દ્વારા વિરચિત 'ષોડશ ગ્રંથ'માં સહુથી નાના એવા 'ચતુઃશ્લોકી' ગ્રંથમાં શ્રી મહાપ્રભુજી આપણને ઉપરોક્ત નિર્દેશ કરે છે. પ્રસ્તુત ગ્રંથના ચતુર્થ શ્લોકના પ્રથમ ચરણમાં શ્રી મહાપ્રભુજી કહે છે, અતઃ સર્વાત્મના શશ્વદ, શ્રી ગોકુલેશ્વર પાદયોઃ અને ત્યારબાદ દ્વિતિય ચરણમાં કહે છે, સ્મરણં ભજનં ચાપિ, ન ત્યાજ્યં ઈતિ મે મતિઃ અર્થાત સર્વાત્મભાવથી નિરંતર, સતત, શ્રી ગોકુલેશ્વર, ભગવાન શ્રી કૃષ્ણાચંદ્રના ઉભય ચરણકમળનું હૃદયમાં વિશેષ ધ્યાન ધરવું, સ્મરણ કરવું અને એને કદી પણ ત્યજવું નહિ, એવી મારી મતિ છે.

ખૂબજ સુંદર તેમજ મહત્વની બાબત શ્રી મહાપ્રભુજીએ પ્રસ્તુત ગ્રંથ દ્વારા આપણી સમક્ષ વ્યક્ત કરી છે. આ ગ્રંથનું કદ ભલે નાનું છે, પરંતુ એ સિમિત ક્ષેત્રફળમાં ભક્તિનું ઊંડાણ વિશેષ છે.

પ્રથમ ચરણના બે શબ્દ, સર્વાત્મના અને શશ્વદ તેમજ દ્વિતિય ચરણનો પ્રથમ શબ્દ 'સ્મરણ', આ ત્રણ શબ્દમાં સમસ્ત પુષ્ટિમાર્ગનું હાર્દ આવી જતું હોય, એવો ભાવ જાગે છે. ચોર્યાસી વૈષ્ણવોની વાતોનું પ્રમાણ સ્વીકારીએ તો રાણા વ્યાસ અને ભગવાનદાસ સંચોરાએ સહુ પ્રથમ શ્રી મહાપ્રભુજીના મુખકમળ દ્વારા પ્રસ્તુત ગ્રંથનું પાન કર્યું હતું. પ્રસ્તુત ગ્રંથ મોક્ષ પુરુષાર્થ ગ્રંથ તરીકે પણ ઓળખાય છે. પરંતુ મોક્ષ એટલે શું ? શ્રી મહાપ્રભુજીના મત મુજબ મોક્ષ એટલે 'વ્રજ વહાલું રે, વૈકુંઠ નહીં રે આવું'. પ્રભુની ભક્તિ કરતાં કરતાં, જીવનું શિવ સાથે મિલન એટલે પ્રભુને સર્વાત્મભાવ સાથે સમર્પિત થઈ જવું. ગોપીઓએ ક્યારેય સંસાર નથી છોડયો. એ તો પ્રભુ ભક્તિ કરતાં સહજ છૂટી ગયો, ગૌણ બની ગયો. સમર્પણ અને પ્રભુ ચરણનો આશ્રય દૃઢ બની ગયો. આપણી ભારતીય સંસ્કૃતિમાં અનેક ધર્મો પ્રવર્તી રહ્યા છે. દરેક ધર્મનું ધ્યેય એકજ છે. માર્ગ અનેક છે, પણ લક્ષ્ય એક જ છે, અને એ છે પ્રભુની પ્રાપ્તિ. પરંતુ પ્રભુની પ્રાપ્તિનો માર્ગ સરળ નથી. એ રાહમાં અનેક કંટકો છે. સંસારમાં રહીને, સાંસારિક બંધનોથી અલિપ્ત રહેવું કદાચ શક્ય નથી એવું લાગે. કાદવમાં જન્મીને, કાદવમાં જ રહીને અને કાદવથી અલિપ્ત રહેતા કમળ પાસેથી આ જ્ઞાન દરેક સંસારીએ મેળવવું આવશ્યક છે. પ્રભુને પણ કમળ વિશેષ પ્રિય છે, અને કદાચ તેથી જ, પ્રભુના દરેક અંગને કમળ સાથે સંલગ્ન કર્યા છે, જેમ કે નેત્રકમળ, હૃદયકમળ, હસ્તકમળ, ચરણકમળ, મુખકમળ વિ.

સંસારના ત્રિવિધ તાપ, આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત થવાની દરેક સંસારીની મહેચ્છા હોય છે. માનસિક પરિતાપ એટલે આધિ (મનનું કારણ), શારીરિક તકલીફ, રોગ, પીડા, એટલે વ્યાધિ (તનનું કારણ) અને જેની અગાઉ કદી કલ્પના ના કરી હોય, પરિવારમાં, વ્યવસાયમાં આવી પડતી અણચિંતવી વિપત્તિ એટલે ઉપાધિ.

આ ત્રણે પ્રકારના દુઃખોની નિવૃત્તિ માટેની સતત ઝંખના દરેક જીવને હોય છે. પરંતુ અનેક જીવ એવા પણ હોય છે, જેઓ સંસારમાં રહીને પણ આ ત્રિવિધ ઉપાધિથી વિચલિત નથી થતાં, પરંતુ નિર્લેપભાવે રહી શકે છે. તેઓ આ લક્ષ ચોર્યાસીના જન્મ મરણના બંધનમાંથી મુક્ત થાય છે. નરસિંહ મહેતાના શબ્દોમાં નીચેની પંક્તિઓ દ્વારા આજ પુષ્ટીમાર્ગીય મોક્ષને સમર્થન પ્રાપ્ત થયું છે.

હરિના જન તો મુક્તિના માગે,
માગે જનમ-જનમ અવતાર,
નિત સેવા નિત કીર્તન ઉત્સવ
નિરખવા નંદકુમાર રે...

જેઓ સાચા હરિના જન છે, તેમને માટે વૈકુંઠવાસ કરતાં પણ વિશેષ છે.

ભૂતળ ભક્તિ પદારથ મોટું,
જે બ્રહ્મલોકમાં નાહીરે..
પુણ્ય કરી અમરાપુરી પામ્યા,
અંતે તો ચોર્યાસી માંહી રે...

શ્રી મહાપ્રભુજી ષોડશ ગ્રંથમાંના અનેક ગ્રંથમાં ભગવાન શ્રી કૃષ્ણચંદ્રના નામ સ્મરણનો મહિમા દર્શાવે છે. જેમ કે 'પંચપધ્યાની ગ્રંથમાં આપશ્રી કહે છે, શ્રી કૃષ્ણરસવિક્ષિપ્ત માનસારતિવર્જિતા, અર્થાત શ્રી કૃષ્ણના આનંદરસમાં જેનું મન સતત રત હોય અને દુન્યવી તેમજ લૌકિક આકર્ષણથી પર હોય, તેઓ ભગવદ પાનના મુખ્ય શ્રોતાઓ છે.

નવરત્ન ગ્રંથમાં પણ એજ અભિપ્રાય દર્શાવ્યો છે. તસ્માત સર્વાત્મના નિત્યં, શ્રી કૃષ્ણઃશરણં મમઃ, વદદ્વિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ અર્થાત સર્વાત્મભાવથી અષ્ટાક્ષર મંત્ર શ્રી કૃષ્ણઃશરણં મમઃનું સતત રટણ કરતાં રહેવું જોઈએ, એવો મારો (શ્રી મહાપ્રભુજીનો) અભિપ્રાય છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે સર્વાત્મભાવપૂર્વક ભગવાન શ્રી કૃષ્ણના બની રહેવું એટલે શું ? એક તો એમ ભાવ થાય કે સહુમાં ભગવાન શ્રી કૃષ્ણના દર્શન કરવાં.

અને બીજું એ કે ખૂબ જ તન્મયતા પૂર્વક ભગવાન શ્રી કૃષ્ણનું નામ સ્મરણ કરવું. જો સર્વાત્મભાવપૂર્વક ભગવાન શ્રી કૃષ્ણના બની રહીએ, તો બાકીના બે ક્ષેપક, શશ્વદ અને સતત આપમેળે જ આવી જાય છે. સર્વાત્મભાવથી શ્રી કૃષ્ણના બની રહેવું, એ પુષ્ટિભક્તિનો મોક્ષ છે. સંસારની આ ઘટમાળમાં, નકારાત્મક લાગણીઓની વિસ્મૃતિ અને સ્મરણ માત્ર ભગવાન શ્રી કૃષ્ણનું આસક્તિ માત્ર ભગવાન શ્રી કૃષ્ણના નામની, વ્યસન માત્ર ભગવાન શ્રી કૃષ્ણના નામનું રટણ, અસ્તિત્વનો ઉદેશ માત્ર શ્રી કૃષ્ણની રોમેરોમમાં અનૂભૂતિ, કામના માત્ર શ્રી કૃષ્ણના પ્રેમની, મનમાં ભગવાન શ્રી કૃષ્ણના મનોહર સ્વરૂપનું જ સ્મરણ, સ્તવન અને કીર્તનમાં પણ ભગવાન શ્રી કૃષ્ણનાં અલૌકિક ગુણગાન, એમનો જ યશ, એમની જ કિર્તીની યશગાથા, એમના જ શૈશવકાળનાં મધુર સંસ્મરણો, એમની જ મોહક વાંસળીના સુર, એમની જ રાધા અને એમની જ યમુના, અને એમની જ અલૌકિક લીલાઓનું મધુર રસપાન, રોમેરોમમાં કોટિકંદર્પ લાવણ્યના સ્વામી એવા ભગવાન શ્રી કૃષ્ણચંદ્રનું અસ્તિત્વ અને હૃદયમાં તથા મનમાં પંચાક્ષર અને અષ્ટાક્ષર મંત્રનું સતત સ્મરણ.

કદાચ આને જ સર્વાત્મભાવ કહી શકાય, અને આજ પુષ્ટિમાર્ગીય મોક્ષ. કૃષ્ણાશ્રય ગ્રંથમાં પણ શ્રી મહાપ્રભુજી આપણને પુનઃપુનઃ આજ વિજ્ઞપ્તિ કરે છે, કૃષ્ણ એવ ગતિર્મમઃ કૃષ્ણ જ મારી મતિ અને કૃષ્ણમાંજ મારી રતિ બની રહે. પૃથ્વી ઉપર આજે ચારેકોર અશાંતિ, પ્રપંચ, છળકપટ, દુષિત વાતાવરણ નજરે પડે છે, નિસર્ગની પવિત્રતાનું પણ અવમૂલ્યન મનુષ્ય નિજી સ્વાર્થ માટે કરે છે, ત્યારે મન વ્યગ્રતા અનુભવે છે. પરિતાપ અસહ્ય બને છે, એવે સમયે કૃષ્ણ નામ સ્મરણ જ મનમાં શાંતિ પ્રદાન કરે છે. પ્રભુના નામ સ્મરણનું મનમાં સતત રટણ કર્યા કરવાથી મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થશે, એમ શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી છે, ત્યારે આશ્ચર્યની બાબત એ છે કે, આ માર્ગ અપનાવવામાં કોઈ સાંસારિક વિટંબણા નથી આવતી, કે નથી કોઈ સાંસારિક બંધનમાથી મુક્ત થઈને વનમાં જવાની જરૂર. કે નથી કોઈ જ ઊગ્ર તપશ્ચર્યા, વ્રત, ઉપવાસ, એકટાણાં, એકાદશી કરવાની આવશ્યકતા. સંસારમાંજ રહેવાનું છે. ગૃહસ્થાશ્રમની સંપૂર્ણ ફરજ અને જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવવાની છે અને સમાંતરે ભગવાન શ્રી કૃષ્ણનું નામ અષ્ટાક્ષર મંત્રનું રટણ અવકાશ મળે ત્યારે અવશ્ય કરવાનું છે. આ વિકલ્પ

અપનાવ્યા બાદ મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થશે, એમાં કોઈ સંશય નથી. આપણાં એક કીર્તનમાં પણ આજ ભાવ પ્રગટ થાય છે, કાહેકો દેહ દમત સાધન કર મૂરખ જન... જો, જીવનું લક્ષ્ય મોક્ષ છે, તો નામ સ્મરણ એ મોક્ષ મેળવવાનું સાધન છે. આ સાધન, થકી, મોક્ષની પ્રાપ્તિ કરવાની છે. પરંતુ મહત્વની બાબત એ છે કે, આ સાધન પરત્વે મનમાં કોઈ પ્રકારનો સંદેહ ના હોવો જોઈએ. આકાશમાં ઊંચે ઊડતા પતંગના ઉદાહરણ દ્વારા કદાચ આ ભાવના વ્યક્ત કરવામાં સુગમતા પડી શકે. પતંગ દ્વારા આભને આંબવાનું લક્ષ્ય છે. પતંગ ચગાવનાર વ્યક્તિનું અને ફીરકીમાંનો માંજો, એ લક્ષ્યને પામવાનું સાધન છે. પરંતુ જો આ દોરમાં ગૂંચ હોય તો એ પતંગ મુક્તપણે ગગનમાં ઊડી નથી શકતો. પરિણામે પતંગ દિશાહીન બની જાય છે. આમ દિશાહીન બની ગયેલા પતંગનું કોઈ લક્ષ્ય હોતું નથી.

એવી જ રીતે જીવનું લક્ષ્ય છે, પ્રભુ પ્રાપ્તિ અને એ દ્વારા મોક્ષ નામ સ્મરણ જીહ્વા ઉપર પૂરેપૂરી શ્રદ્ધા અને વિશ્વાસથી લેવાય, તો લક્ષ્ય પામવામાં સુગમતા થાય છે. પરંતુ મનમાં શંકા કે સંશય રાખીને પ્રભુનું નામ સ્મરણ કરવાનું નથી. સંપૂર્ણ સર્વાત્મભાવથી પ્રભુનું નામ સ્મરણ કરવામાં આવે, તો મુખ્ય લક્ષથી વિમુખના થવાય. પરિણામે, દિશાશૂન્ય બની ગયેલા પતંગની માફક જીવ પણ દિશાશૂન્યના બને. માટે જ ભગવદ્નામ સ્મરણનો મહિમા વિશેષ છે. ભગવદ્ નામ સ્મરણ જ પ્રભુ પ્રાપ્તિના અતિમ સોપાન પ્રતિ દોરી જાય છે. દ્વાપર યુગમા જેમ હોમ, હવન, યજ્ઞનું મહત્વ હતું એમ ગીતામાં કહ્યા મુજબ કળિયુગમાં ભગવદ નામ સ્મરણને ભગવાને પૂર્તિ આપી છે. ❖❖❖❖❖

## કફન અંતે મારૂ હશે!!!

મુશાયરામાં ખોટ વરતાયતો,
સમજ જો એ નામ મારૂ હશે,
તપાસ કરજો કદી તમે જો થાય તો,
દરેક દિવા પાછળ અંધારૂ હશે,
જીવન આવું મીઠું લાગે છે તો,
વિચાર કરો મૌત કેવું ન્યારૂ હશે,
એમ માનવું પણ નહી કે હું એકલો હતો,
આ દુઃખ તો સૌનું સહીયારૂં સદા હશે,
અંતે મુખમાં પાઈ-પૈસો મુકો તો
ધ્યાનથી સાંભળજો નામ એ તમારૂં હશે,
ભલે આજે અંતમાં કશું ન રહે મારી પાસે છતાં
છેલ્લે તો એક **કફન** મારૂ હશે,
કાંઈ લઈને આવ્યા નોહતો આ દુનિયામાં પણ
જતા જતા કફન લઈને જાય છે આ માનવી
યાદ કરજો કફન અને ફન સદા જનાર વ્યક્તિનું
હોય છે યાદો મુકીને સદા માટે દૂર દૂર જાય છે.

**- નયન (ધનગેલા)**

## તૂ હી તૂ

મહેલોમાં નહિ ઝૂપડીઓમાં નહિ
જ્યારે યાદ કરૂ ત્યારે તૂ હી તૂ
પ્રેમના વશમાં રાખે પ્રભુ તૂ
સૌના દિલમાં વસતો તૂ
ધન કમાના પાપ કરીને
કોડી ખાતર નાતો તોડીને
નહિ સોના કે ચાંદીમાં
જ્યારે યાદ કરૂ ત્યારે તૂ હી તૂ
લપાઈ છૂપાઈને માળા ફેરવો
પણ તને નિરખી રહ્યો ભીંતરવાળો
જ્યારે યાદ કરૂ ત્યારે તૂ હી તૂ
પાતાળ મગન અને જળ સ્થળમાં
ભક્તોના પ્રેમથકી અવતાર રૂપે
ગંગાજીમાં નહિ યમુનાજીમાં નહિ
જ્યારે યાદ કરૂ ત્યારે તૂ હી તૂ
આ પ્રકૃતિ સૌની દાસી છે
પણ પરમેશ્વરની છત્રછાયા છે
ચાંદનીમાં નહિ સૂરજમાં નહિ
જ્યારે યાદ કરૂ ત્યારે તૂ હી તૂ
જગમાં તારા દર્શન કરતા ફર્યા
પણ યાદ નથી શું દિલમાં તે
મંદિરમાં નહિ કે મસ્જિદમાં નહિ
આત્મવિલોચન આ કરવા રહ્યાં

**- ઈન્દુ રોહિત દેસાઈ**

## જ્યોતીપુંજ અંગે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ **જ્યોતિપુંજ**નું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૨૦ અથવા ૨૧ એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતુ હોય તે પોતાના સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૨૧ મી તારીખે વેબસાઈટ **www.balasinor.org** પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો.

**- મંત્રી : ભાવેશ મોદી**

# સત્યમેવ જયતે...!

- રાજેશ કડકીઆ (યુ.એસ.એ)

ભારત દેશને અંગ્રેજોની ગુલામીથી આઝાદી મળ્યે આજે ૬૭ વર્ષના વહાણાં વાઈ ચૂક્યાં છે. આઝાદી પ્રાપ્ત થયા બાદ આપણા દેશનાં અશોક સ્તંભ પર આ 'સત્યમેવ જયતે'નો સિક્કો કોતરાયેલ છે.

'સત્યમેવ જયેત'નો અર્થતો હંમેશા સત્યનો જ વિજય થાય છે પરંતુ હાલની દેશની પરિસ્થિતિ મુજબ આજનાં સામાન્ય માનવીની જીંદગીમાંથી સત્ય લુપ્ત થતું જાય છે. લોકો જીવનમાં ડગલે ને પગલે કંઈકને કંઈક પ્રસંગે કશુંક અસત્ય, ખોટું કે ખરાબ વસ્તુઓનો સહારોલેતાં થઈ ગયા છે.

આજે દેશનું અર્થતંત્ર ખાડે ગયું છે. ભ્રષ્ટ રાજકારણીઓ, નેતાઓ તથા દરેક સ્તરે ભષ્ટાચાર વ્યાપક પ્રમાણમાં નજરે પડે છે. નેતાઓ વાતોતો મોટી મોટી કરીને ચૂંટણી સમયે અસંખ્ય વચનોનો આમપ્રજાપર સતત મારો કરે છે. ચૂંટણી જીત્યાબાદ રાજનેતાએ ૫ વર્ષ ક્યાં ગાયબ થઈ જાય છે તેની આમઆદમીને સમજ જ પડતી નથી.

આમ આદમી પાર્ટી, ભાજપ, કોંગ્રેસ કે અન્ય ત્રીજા મોરચાનાં નેતાઓ કોઈની પણ ઉપર આમ જનતાનો ભરોસો રહ્યો નથી. એટલે સુધી કે કાયદો વ્યવસ્થા અને ન્યાયતંત્ર પરથી પણ લોકો વિશ્વાસ ગુમાવી બેઠા છે. કારણો એકદમ સરળ છે. આજે સામાન્ય પ્રજાજન તકલીફમાં મૂકાતાં પ્રશ્નોનો ઉકેલ માટે જ્યારે પોલીસ સ્ટેશન જાય છે ત્યારે ત્યાંનું વાતાવરણ, પરિસ્થિતિ જોઈને ફરીયાદ કર્યા બાદ નસીબ સારુ હોય તો FIR પ્રથમ દર્શીય રીર્પોટ નોંધાય છે. ત્યારબાદ પણ તેમનાં પ્રશ્નોનો નિવેડો આવશે કે નહિ તેનો કોઈ જ ખાત્રીપૂર્વક ખુલાસો નથી મળતો.

ખરેખર તો પોલીસ વિભાગનાં કર્મચારીઓએ આમ જનતા સાથે સહિષ્ણુતા પૂર્વક પેશ આવી તેમની સાથી મૈત્રીભર્યુ વર્તન દાખવવાની જરૂર છે. એક સર્વેક્ષણ મુજબ આજકાલ નીચલાસ્તરમાં પોલીસ કર્મચારીથી માંડીને P.S.I કે I.G., D.I.G જેવાં ઉચ્ચ પદે બીરાજતાં મોટા મોટાં અફસરોપણ સતત તનાવ, હતાશા તથા કંઈ કેટલીયે માનસીક શારીરિક બીમારીઓનો ભોગ બને છે. આનું મુખ્ય કારણ અનિયમીત કામકાજનો સમયગાળો ઉપરી અધિકારીઓનું દબાણ, અજાણતામાં પણ અન્યાય, ગુનેગારોની સહાયકે પકડાયેલાં ગુનેગારોની પૂછપરછ દરમ્યાન આચરવામાં આવતી હિંસા, મારપીટ તથા તેઓને અપાતી શારિરીક માનસિક પીડા મહત્વનો ભાગ ભજવે છે.

ઘણીવખત આવી પરિસ્થિતિનો સામનો સાક્ષી-જુવાની આપનાર પોલીસનાં મદદગારોને પણ કરવો પડે છે. આથી જ ઘણીવાર માર્ગ અકસ્માત કે અન્ય પ્રસંગે આમ આદમી હકીકતથી દૂર ભાગીને પોલીસ કે કાનૂનને સહાયરૂપ થતાં ગભરાય છે અને ત્યાંથી ચૂપચાપ સરકી જવામાંજ પોતાની સલામતી અનુભવે છે.

સામાન્ય રીતે પોલીસ કર્મચારીઓની રોજીંદી વ્યાવસાયિક જીંદગી ગુનેગારો, ગુંડાઓ તથા અન્ય ગેરકાયદેસર કામ કરનાર વ્યક્તિ સાથે સતત સંકળાયેલી હોય છે અને આવી સતત તનાવપૂર્વકની કાર્યશૈલીનાં પરિણામ સ્વરૂપ તેઓ અસંખ્ય શારિકિક કે માનસિક રોગથી પીડાતા જોવા મળે છે આને લીધે તેઓની અંગત-સાંસારિક જીંદગીનું સમીકરણ ખોરંભાય છે અને અંતમાં તેઓ ઘણીવખત ખૂબ જ યુવાન વયે મૃત્યુ પણ પામે છે. અંતમા તેઓની

વિધવાઓને ખૂબજ માનસીક તથા શારિરીક યાતનામાંથી પસાર થવું પડે છે. તેઓનાં માથે પરિવારજનોનાં ભરણપોષણાંથી માંડીને અન્યખર્ચા તથા બાળકોના ભરણ-પોષણ-શિક્ષણની જવાબદારી પણ હોય જ છે.

આવી અનેક સમસ્યાઓનો ઉકેલ શું ?

આ માટે ખૂબ જ ઊંડાણપૂર્વક વિચારતાં એવું જાણવા મળે છે કે અગર પોલીસ જનતાનાં સાથ સહકારથી મહોલ્લા કમિટિની નિમણુંક કરે તો ઘણા બધાં પ્રશ્નોના ત્વરીત સરળ અને સચોટ ઉકેલ ખૂબ જ તત્પરતાથી લાવી શકાય જેથી આમ જનતાનો પોલીસ કર્મચારી પર ૧૦૦ ટકા વિશ્વાસ પ્રાપ્ત થાય આમ એકબીજાનાં સાથ સહકારથી અનેક વણઉકલ્યા પ્રશ્નો, કિસ્સાઓ, કોયડાઓનો સરળતાથી નિકાલ લાવી શકાય.

અગર સરકારી ઉચ્ચપદે બીરાજતાં અધિકારીઓ જાગૃકતા કેળવી આમ જનતાનાં સાથ સહકારથી મૈત્રી પૂર્વક મદદ કરી શકે છે. નિચલા સ્તરનાં હવાલદારથી S.I., P.S.I વગેરેનાં કાર્ય પદ્ધતિ અને હૂંફાળા વાતાવરણ તથા કોઈપણ જાતનાં માનસીક તણાવ વગર કાર્ય કરવાથી ઘણું જ પરિણામદાયક પોઝીટીવ કાર્ય કરી શકે છે.

આવો આપણે સહુમળી એક જ સંકલ્પ કરીએ કે બને તેટલા સાથ સહકારથી કોઈપણ લાંચરૂશ્વતની બદી વગર આમ જનતાનો ન્યાય તથા કાનૂન પ્રત્યેનો વિશ્વાસ જળવાઈ રહે અને સહુ સલામતીથી શાંતિપૂર્વક જીંદગી જીવી શકે તેવી જ અભ્યર્થના.

✤ ✤ ✤ ✤ ✤

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી યુગપુરુષ શ્રી મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય)ને શ્રદ્ધાંજલિ



**શ્રી મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય)**
જન્મ : ૧૨-૧-૧૯૨૯
મૃત્યુ : ૩-૪-૨૦૧૪

## જીવન ઝરમર

આખો એક યુગ તા. ૩-૪-૨૦૧૪ના રોજ પંચમહાભૂતમાં વિલીન થઈ ગયો. આ યુગના યુગપુરુષ એટલે બાલાસિનોર સમાજના શ્રેષ્ઠી આદરણીય શ્રી મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય).

બાળપણ અને અભ્યાસ બાલાસિનોરમાં પૂર્ણ થયા. વિદ્યાર્થી મંડળમાં મંત્રી પદ શોભાવ્યું, ઈત્તરપ્રવૃત્તિઓને વેગ આપ્યો. કાંતિપાર્કવાળા શ્રી કાંતિભાઈ પરીખે દીર્ઘદૃષ્ટિ વાપરી નવયુવાનોમાં પ્રાણ ફૂંક્યા. તેમની પ્રવૃતિઓ વ્યાયામ શાળા, રેંટીયા કલાસ, ગ્રામ સેવા સમાજ વગેરેમાં શ્રી મોહનભાઈ, શ્રી રસિકભાઈ દેવ, ત્યારના યુવાનો જોડાતા, કેમ્પસમાં ભાગ લેતા. શ્રી મોહનભાઈ એ દેશની આઝાદીની ચળવળમાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. ગાંધી વિચારધારાને આત્મસાત કરી જીવનપર્યંત ખાદીધારી રહ્યા. મુંબઈમાં શરૂઆતમાં નોકરી ત્યારબાદ મે. વીલગ્રીન કોમર્શિયલ કોર્પોરેશનના નામે સપ્લાયનો સ્વતંત્ર ધંધો ચાલુ કર્યો. ભાઈઓને ભાગીદાર બનાવ્યા. ઘરના મોભી હોવાને નાતે સમસ્યાઓનું નિરાકરણ કરતા. શ્રી મોહનભાઈના ધર્મપત્નિ એટલે શ્રીમતી સુર્યાબેન, ધર્મપરાયણ, ઋજુ, સૌની પ્રગતિમાં સાથ આપનાર શ્રી મોહનભાઈએ શ્રી રસિકભાઈ પરીખને ધંધા તરફ વાળ્યા, પાર્ટનર બનાવ્યા, પાંચ ભાઈઓની ભાગીદારી નિભાવી. દૃઢ નિશ્ચયી શ્રી મોહનભાઈએ સમાજ માટે નેત્રદિપક કાર્ય કર્યું છે. શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં સંસ્થામાં આજીવન સભ્ય રહ્યા. સંસ્થાનામાં વાર્ષિક જનરલ સભાના પ્રમુખ, સહમંત્રી, મંત્રી, ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી. પહેલી ઓગસ્ટ, ૨૦૧૧ના રોજ બાલાસિનોર નવયુવક સંઘના ૬૦ વર્ષ પુરા થયાની ખુશાલીમાં શ્રી મોહનભાઈના વરદ હસ્તે કેક કાપી મહોત્સવ મનાવવામાં આવ્યો હતો. શ્રી મોહનભાઈ વાર્ષિક રસોત્સવના સંયોજક, સંસ્થાની પેટાસમિતિમાં કાર્યરત રહ્યા. વસ્તીપત્રકના પ્રકાશનમાં ફાળો આપ્યો. કે.એમ.જી. હોસ્પિટલ ટ્રસ્ટ અને બાલાસિનોર સેવા મંડળ આ બંને સંસ્થામાં જોઈન્ટ સેક્રેટરી તરીકે ૧૯૭૫ થી ૧૯૯૮ સુધી સેવા આપી. ૨૩ વર્ષમાં હોસ્પિટલનો ખૂબ વિકાસ થયો. બધી જ સંસ્થામાં દાન અર્પણ કર્યું છે.

બાલાસિનોર પ્રગતિ સમાજની સ્થાપનામાં પણ મહત્વનો ફાળો આપ્યો છે. વાડસોલ કર્મવીર તરીકે સમાજમાં તેમનું બહુમાન થયું.

લગ્ન વિષયક પ્રવૃતિઓમાં રસ લઈ કાર્ય કરતા અને છુટાછેડા વાળા કેસમાં બે કુટુંબો વચ્ચે સમાધાન કરી આપતા અને યુગલોને સમાજાવતા.

ગોકુલેશ સમાજ, વિદ્યોતેજક મંડળ, કેળવણી મંડળ, નવયુવક મંડળ, શાળા કમિટિ, મેડીકલ ટ્રસ્ટ વગેરે દરેક સંસ્થા માટે તન, મન, ધન થી કાર્ય કર્યું છે. અત્યારે તેમની પાછળ તેમના કુટુંબમાં બે છોકરી, એક છોકરો, બે પુત્રવધુ સાત પૌત્ર છે. તેમની મુલાકાત લેનાર સૌ કોઈને ખીસ્સામાંથી બે બદામ આપનાર શ્રી મોહનભાઈ શું સૂચક ઈશારો કરતા કે શક્તિ અને બુદ્ધિ પ્રતિભા દ્વારા જ કોઈપણ સંસ્થા પ્રગતિના સર સોપાન કરે છે. ❖❖❖

# સ્ત્રી કોણ ?

**– પ્રવિણા કડકીયા**

હે, સ્ત્રી તને પ્રણામ, માત્ર તને ઓળખી શકું તેવી પ્રાર્થના ! અરે, પ્રભુ જ્યાં હું મને નથી ઓળખતો ત્યાં તને કેવી રીતે ઓળખી શકે ? માત્ર ઠાલો પ્રયત્ન કરવો રહ્યો.

આ જગે કદી કોઈ દાવો ન કરે કે હું, ફલાણા ભાઈ યા બહેનને ઓળખું છું.' હજુ કાળના ગર્ભમાં શું છે તે સમજાય. ધરતીના પેટાળમાં સદીઓથી ભરેલું સાંપડે. મંગળ અને ગુરૂના ગ્રહ પર માનવ પહોંચી શોધખોળ કરી તાગ મેળવી શકે !

કિંતુ !

હે સ્ત્રી, તને જોઈ, તને ઓળખી, તારા વિશે થોથાં ભરીને લખ્યું, તારું નખ શીખ ચિત્રણ કર્યું, તારાં ગુણગાન ગાયા, તને પેટ ભરીને ગાળો આપી, તારા પર કાદવ ઉછાળ્યો, તને વહાલમાં ભિંજવી નાખી, તને ફુલોની સેજ પર પોઢાડી, તને સરે આમ ઉઘાડી કરી ચુંથી, તારી આરતી ઉતારી, તને બેડીઓ પહેરાવી, તને જગદંબા કરી નવાજી, તને નરકની ખાણ કહી, તને માતાનું સર્વોચ્ચ સ્થાન આપ્યું, તને પત્ની તરીકે ચાહી, પ્રેમિકાના રૂપમાં તું અજોડ રહી, બેવફાઈમા તારો જોટો નહિ, તું સ્વર્ગથી પણ અધિક સુખદાતા છે, તને મિલકત ગણી તે ઉફ ન કર્યું, તું જુગારમાં દાવમાં મૂકાઈ, ગુલામ તરીકે ભર બજારે વેચાઈ, 'વેશ્યા'ના સ્વાંગમાં તારુ હડહડતું અપમાન કર્યું, ગણિકા તરીકે તારી ગણના થઈ, મુજરા અને નર્તનમાં તું પુરૂષની કામી આંખોનો શિકાર બની, તું કાવાદાવામાં કુશળ, તું ભલભલા ભૂપતિને પાણી ભરાવે, તું મરદને નામર્દ બનાવે, તું નબળાને શૂરાતન આપે !

તું વ્યાસ પીઠ ઉપરથી 'ગીતા' ગાતી સંભળાઈ, દેશના સહુથી મહત્વના હોદ્દાને તે દિપાવ્યો, તું આંતરિક્ષમાં સવારી કરી આવી, તું મંચ ઉપર રાણી લક્ષ્મીબાઈને જેમ ઘુમી વળી, અભિનય કળામાં સ્ત્રી તારો જોટો નહીં, તું વિફરે તો કોઈના વશમાં નહીં, તું વરસે તો કોઈ કોરું રહી શકે નહી, તારા દિમાગની આંટીઘૂંટીમાં તું પોતે ઉલઝાય તો નિકળી શકે નહીં, તું કુદરતની અપ્રતિમ રચના કરી તારી સુંદરતાની શું કરવી વાત, તું વગર શસ્ત્રે હણનારી, તું ઘડીમાં રીઝનારી, તું ક્રોધાગ્નિને પીનારી, તું કામણગારી, તું શિતળતાની સર્જનહાર. તું સ્વર્ગના દ્વારા સમાન, તું કુટુંબની રક્ષણહાર, તું ઝેરીલી નાગણ સમાન, તું પ્રેમે નિતરતી પાવન ગંગા. તું જે ચાહે તે મેળવે, તું નિકંદન પણ કાઢી શકે, તું સ્મશાન જેવી શાંતિ પણ ફેલાવી શકે, તું સ્વર્ગ સમાન સુખની દાતા, તું સૃષ્ટિની સર્જનહાર ! સૃષ્ટિને નવપલ્લિત કરનારા તું જનની ખૂબ પ્યારી, તુંજ આંખોથી અમી વરસાવનારી. તને ન સોહે કોઈ 'ઉપમા' ''બસ તું, તું છે.''

ખરુ પૂછો તો

**''પ્રભુ આ તારી સૃષ્ટિમાં તને 'વિરામ' ક્યારે છે ?''**

**''કરીને સ્ત્રીની રચના પ્રભુ તે હાથ ધોયા છે.''**

વિશ્વાસ સ્ટીકર જેવો હોય છે.
એક વાર તેને ઉખાડી લીધા બાદ
ફરી પાછુ ચોંટડી તો શકાય પણ
તેનામાં પહેલા જેવી મજબૂતાઈથી
ચોંટાડવાની ક્ષમતા જતી રહે છે.
સંબંધોની હંમેશા જાળવણી કરવી જોઈએ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી મનોજભાઈ અમરીશભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટબુક યોજના

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષે આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને
બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ હાથ ધરેલ છે.

**એ - ૪ સાઈઝ કોલેજ બુક ૧૫૦ રૂ. ડઝન**

**આ વેચાણ તા. ૨૫-૫-૧૪ના રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળોએથી હાથ ધરાશે અને નોટબુકો હશે ત્યાં સુધી મળશે.**

**શહેર વિભાગ** : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ : ૧૧૮/૧૨૦ આરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ-૪
**સમય :** સોમવાર થી શનિવાર ૨ થી ૭, રવિવાર સવારના ૯.૩૦ થી ૧૧.૩૦.
**નોંધ :** દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.

**પરા વિભાગ** :

(૧) **શ્રી હેમાંશુ હરીશચંદ્ર દેસાઈ :** ૯/૧૨ ઘાસવાલા બીલ્ડીંગ, રૂ.નં.૫, પોલીસ સ્ટેશનની સામે, એમ.વી.રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૬૯
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૨) **પરીખ કોકીલાબહેન હીરાલાલ (ડાબલી) :** ૨૪/એ, કૈલાશ નગર, શંકર ગલ્લી, કાંદિવલી (વે), મુંબઈ - ૪૦૦૦૬૭,
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૩) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) :** સી ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

((૪) **શ્રી કિરણ કાછીયા :** D-1, 606, કમલા પાર્ક, ૬૦ ફીટ આઈસીઆઈસી બેન્ક, ભાયંદર (વેસ્ટ)
મો. ૯૮૨૧૨૮૯૩૨૬ (ફક્ત રવિવારે)

**નોંધ :** ગયા વર્ષની માર્કશીટની નકલ અથવા હોલટીકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સીવાય નોટબુકો આપવામાં નહી આવે.

**મંત્રી : ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : અજય દોશી**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) સહભાગી સ્વ. મંજુલાબેન શાંતીલાલ પરીખ અને સ્વ. શાંતીલાલ સાંકરલાલ પરીખ (રાઠોડીઆ)
## નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૧૭-૪-૧૪ થી તા. ૧૫-૫-૧૪ સુધી સંસ્થાની ઓફિસમાં સંપુર્ણ વિગતો સાથે ભરી ને આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધ :** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૧-૬-૨૦૧૪ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધ :** ફક્ત નવા અરજીપત્રકોજ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમય :** સોમવાર થી શનીવાર બપોરે ૨ થી ૭ રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦. (દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે).

**મંત્રી : ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : અજય દોશી**

## શ્રી બા.ન. સંઘ સંચાલિત
## શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત
# મહિલા વિભાગ

તા. ૧૮-૪-૧૪ના રોજ શુક્રવારે માધવબાગ (સી.પી.ટેંક) હોલમાં વિવિધ રમતોથી ભરપૂર One minute game ના કાર્યક્રમમાં કોઈ Professional રમાડનારને ન બોવાલી આપણા Ex.president મિનોતી શાહે આખો કાર્યક્રમ Conduct કર્યો તે બદલ મહિલા વિભાગ તેમનો આભાર માને છે. મહિલા વિભાગની કમિટિ બહેનોએ સભ્ય બહેનોનો સાથ લઈ એક સફળ, સુંદર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. દસ બહેનોનું એક ગ્રુપ રમી શકે એવી તેત્રીસ વિવિધ રમતો રમાડવાની તૈયારી મિનોતી શાહ, અલ્પા કડકિયા, અમી ધારિયાની સહાયથી કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત બપોરે ૨.૩૦ વાગે 'મંગલા ચરણ' કોકિલાબેન પરિખે કરવામાં આવી હતી. આ કાર્યક્રમના દાતા શ્રીમતી અસ્મીતાબેન બિપિનકુમાર દોશી તરફથી રૂા. ૧૫,૦૦૦ અને મનોરમાબેન હસમુખભાઈ ધારિયા હસ્તે પ્રતિમાબેન ધારિયા તરફથી રૂા. ૧૦,૦૦૦ મળ્યા છે. મહિલા વિભાગ આ બહેનોનો તથા તેમના પરિવારજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

હોલમાં પ્રવેશ વખતે બહેનોને નંબર આપવામાં આવ્યા હતા. એ નંબર પ્રમાણે દસ દસના ગ્રુપમાં બહેનોને સ્ટેજ ઉપર બોલાવી વિવિધ રમતો રમાડવામાં આવી હતી. ૩૫૦ બહેનોની હાજર રહેતા કુલ ૩૪ ગેમ રમાડવામાં આવી હતી. જેમાં ૭૦ વર્ષથી ઉપરની બહેનોએ પણ ભાગ લીધો હતો. મહિલા વિભાગની કમિટી બહેનો ઉપરાંત Ex. president કુંજબાળા શાહ, છાયા કડકિયા, હિના ધારિયા, ચિનાર ધારિયા, પુનિતા કચેરિયા, તેજલ, નયના ધારિયા, વર્ષા શાહ, મમતા ધારિયા, બિજલ, ચારૂ ગાંધી, જાગૃતિ ચકવા, રૂપલ ચકવા, રાગિણી શેઠ, કનક, ડિમ્પલ કડકિયા, સોનાલી શાહ એ ખૂબ જ સ્ફૂર્તિ ધગશ, ઝડપ અને ચોકસાઈથી આ રમતો રમાડી હતી. કાર્યક્રમ ૫.૩૦ વાગે પૂરો થયો હતો. આમ માત્ર ૩ કલાકમાં ૩૪ રમતોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે દરેક સભ્ય બહેનોનું કહેવું હતું. સુંદર આયોજન, ખૂબ મજા આવી, કામ કરવાની પણ અને કાર્યક્રમમાં ભાગ લઈ કાર્યક્રમ માણવાની.

આ આખાય કાર્યક્રમની સફળતા ટીમવર્કને આભારી હતી. કમીટીની બહેનો તથા વોલીન્ટીયર બહેનોએ જે ચપળતાથી એક મીનીટ પણ વેડફયા વગર રમતોના સાધનો ગોઠવ્યા તથા રમત પૂરી થતાં જ એ

સાધનો જે ત્વરાથી ઉઠાવી લીધા એ સરાહનીય છે. કાર્યક્રમમાં આવનાર બહેનોએ પણ સુંદર શિસ્ત જાળવી આ કાર્યક્રમને સફળ બનાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. રમતોનું આયોજન હાજર રહેલ સહુ માટે આનંદ અને આશ્ચર્યજનક રહયું. દરેક રમતના વિજેતાને બે air tight કાચના bowl તથા બાકીની તમામ બહેનોને air tight નાના કાચના bowl આપવામાં આવ્યા હતા.

## જૂન મહિનાનો કાર્યક્રમ

**તારીખ - ૧૮-૬-૨૦૧૪, સ્થળ : માધવબાગ, સી.પી.ટેન્ક, સમય : બપોરે ૨.૩૦ વાગે**

જૂન મહિનામાં **અંતાક્ષરી**નો કાર્યક્રમ રાખવામાં આવેલો છે. અંતાક્ષરીમાં ભાગ લેવા ઈચ્છીત બહેનોએ છ જણનું ગ્રુપ બનાવવાનું અને રૂા. ૩૦ વ્યક્તિ દીઠ આપી પોતાના નામ લખાવવા. જો આ ગ્રુપ ન બનાવી શકો તો અમને આપના નામ લખાવશો અને ગ્રુપ બનાવી આપવા પ્રયત્ન કરીશું. કાર્યક્રમમાં હાજર રહેનાર સર્વે બહેનોએ રૂા. ૫૦ આપી પોતાના પાસ લઈ લેવા.

કાર્યક્રમ બપોરે ૨.૩૦ વાગે શરૂ કરવામાં આવશે માટે ભાગ લેનાર બહેનોએ ૧.૩૦ વાગે હોલ પર હાજર થઈ જવા વિનંતી. કમિટિની બહેનોને પૈસા આપી નામ લખાવી શકો છો.

તારીખ ૪થી જૂન બુધવારે બપોરે ૪.૦૦ થી ૫.૦૦ મા સંસ્થાની ઓફિસમાંથી અંતાક્ષરીના પાસ આપવામાં આવશે.

**- સોહિણી યોગેશ કડકિયા, સંયોજક -**
**૯૮૨૦૩૫૬૩૫૯**

## શ્રી આચાર્ય ચરણ કમલેભ્યો નમ:

**- પ્રવિણા કડકિયા**

एकम शास्त्रम श्रीदेवकी पुत्रमिगताम
एको देवो देवकीपुत्र एव
मंत्रोप्यकास तस्य नमानि यानी
कर्मोप्यएकम तस्य देवस्य सेवा

**અર્થ**

દેવકી પુત્ર શ્રી કૃષ્ણે ગાયેલી ગીતા એ શ્રેષ્ઠ ગ્રંથ છે.
દેવકી પુત્ર કૃષ્ણ શ્રેષ્ઠ ઈશ્વર છે.
કૃષ્ણનામ એ શ્રેષ્ઠ મંત્ર છે. (શ્રી કૃષ્ણ શરણં મમઃ)
કૃષ્ણનું સેવા કાર્ય અતિ ઉત્તમ છે.

✤✤✤✤✤

વલ્લભ તારું નામ મધુરું
સદા દિલમાં રટાય
શ્રી વલ્લભ વલ્લભ જે કહે
ભવસાગર તરાય
શ્રી વલ્લભ ભવસાગર તરાય
વલ્લભે રાહ બતાવીઓ
જે પ્રકટ કૃષ્ણ અવતાર
તે રાહ પર જો ચાલીએ તો
ભવસાગર તરાય
શ્રી વલ્લભ ભવસાગર તરાય
અગ્નિ સ્વરૂપ છે જેનું
વલ્લભ પાવક જ્વાલ
આપેલ મંત્રને સમરીએ તો
ભવસાગર તરાય
શ્રી વલ્લભ ભવસાગર તરાય
પુષ્ટિમાર્ગ જેણે દાખવ્યો
રચ્યા ષોડષ ગ્રંથ
દીધેલ માર્ગ અનુસરે તો
ભવસાગર તરાય
શ્રી વલ્લભ ભવસાગર તરાય
ઉંચનીચનો ભેદ નહી
અંતર જેનું પાવન
કાનો ગોપી સંગ રમે તો
ભવસાગર તરાય
શ્રી વલ્લભ ભવસાગર તરાય
વલ્લભ ઉપર સ્નેહ સદા
અંતરે કૃષ્ણનું નામ
સદા તેને વલ્લભ કરે સહાયને
ભવસાગર તરાય
શ્રી વલ્લભ ભવસાગર તરાય

---

## માનવ દેહ
## (અવતાર)

સુરજ ઢળ્યો, ને રાત ભઈ,
ચાંદ ઉગ્યો, ને ચાંદની ચમકી !
આવન જાવરની આ રમત
સમય સંગાથે રમતી રહેશે !
સમયની સરિતા, ના અટકે કદી
વિતેલ ઘડી, પાછી મળશે નહિ !
માનવ દેહ પૂણ્ય થકી મળે
દુર્લભ જીવ થકી સદકર્મ કરીલે !
પાપો ધોવા શ્રીજીએ જનમ દીધો,
રટન એનુ કરતો રહેજે !
માંસ, રૂધિર થી ભરેલ દેહના,
મોહ માયાની જાળમાં
વેડફીયા ના જીવન સઘળું !
ખાલી હાથ, ખાલી જ રહેશે
સદકર્મ થકી 'અવતાર' સફળ થશએ !

**- 'ચાંદશા'**

**- ચંદ્રકાંત શાહ (ચટઈ)**

# Shri Surendrabhai Parikh (Surendra Eng. Corpn), Shri Daxeshbhai, Shri Minishbhai (Kadakia Enterprises) Indoor Games Results 2013 - 14

## MUMBAI VIBHAG

**Chess Junior - Below 12 Years**
1st - Kavish N. Kadakia
2nd - Krish Sanjay Shah

**Chess Junior - Below 18 Years**
1 st - Akash Sameer Dharia
2nd - Dhruvin Sachin Kadakia

**Carrom Junior Single - Below 12 Years**
1 st - Pratish Ashish Parikh
2nd - Dhir Nirav Parikh

**Carrom Junior Single - Below 18 Years**
1 st - Kunal Nimish Desai
2nd - Dhruvin Sachin Kadakia

**Carrom Senior Single**
1st,- Devang Vyomesh Parikh
2nd - Bhavik Rajesh Dharia
3rd - Manoj Kantilal Kadakia

**Carrom Female Single**
1 st - Pratiksh Ripal Gandhi
2nd - Sejal Viral Gandhi

**Carrom Junior Doubles - Below 18 Years**
1st - Akash Samir Dharia & Dhruvin Sachin Kadakia
2nd - Vrushak Sachin Kadakia & Prerak Viral Gandhi

**Carrom Senior Doubles**
1st - Ajit Mody & Rajesh Dharia
2nd - Manoj Kadakia & Nirav Parikh
3rd - Jignesh Kadakia & Sachin Kadakia

**Carrom Female Doubles**
1st - Mona Sanjay Shah & Sejal Viral Gandhi
2nd - Shefali Nimish Kadakia & Bina Nitin Desai
3rd - Chandra Vyomesh Parikh & Panna Sandeep Desai

**Carrom Mix Doubles**
1 st - Chandra Parikh & Rajesh Dharia
2nd - Shefali Kadakia & Jignesh Kadakia
3rd - Panna Desai & Manoj Kadakia

## UPNAGAR VIBHAG

**Chess Males - Junior Below 12 Years**
1st - Jash Tejash Parikh
2nd - Dev S. Parikh
3rd - Parin Manoj Mody

**Chess Males - Junior Below 18 Years**
Ist - Nikesh R. Shah
2nd - Deep D. Mody

**Chess Males - Senior**
1st - Anish Parikh
2nd - Bharat Kadakia
3rd - Viky Gandhi

**Chess Female - Senior**
1st - Jayna D. Parikh
2nd - Nishma Shah
3rd - Jigna Mody

**Carrom Junior Single**
1st - Nikesh R. Shah
2nd - Tirth N. Desai
3rd - Daksh N. Desai

**Carrom Male Single**
1st - Ajit Mody
2nd - Devang Kadakia
3rd - Hiten Parikh

**Carrom Female Single**
1 st - Dr. Swati Kadakia
2nd - Hema R. Parikh
3rd - Shaily Parikh

**Carrom Male Double**
1st - Hiten Parikh & Nitesh Shah
2nd - Devang Kadakia & Dhaval Mody
3rd - Kunal H. Parikh & Arpit A. Gandhi

**Carrom Mix Double**
1st - Ajit Mody & Dr. Swati Kadakia
2nd - Jayna Parikh & Premal Dharia
3rd - Arpit A. Gandhi & Hema R. Parikh

Prizes will be distributed on 29th June 2014 Sunday at 10 Am. in AGM of Shree Balasinor Navuvak Sangh.

**Convener : Sanjay J. Shah**
**Secretary : Bhavesh Mody**

## શ્રી બાલાસિનોર મેડિકલ સેન્ટર

શ્રી બાલાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટ દ્વારા ૨૩.૪.૨૦૧૪ રવિવાર સવારે ૧૦ વાગે કાંદિવલી ખાતે તથા તા. ૩૦.૪.૧૪ ના રવિવાર સવારે હિંદુ જીમખાનામાં યોજાયેલ કેન્સર અવેરનેસ સેમિનારને ખૂબ જ સારો પ્રતિસાદ સાંપડયો હતો. બંને સેમિનારમાં એક સરખી લગભગ ૧૨૫ જ્ઞાતિજનોની હાજરી રહેલ સેમિનારમાં ટાટા હોસ્પિટલના નિષ્ણાંત ડૉ. સંદીપ ગુંજાલ મેડિસેન્ટરના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. અક્ષય સેવક થા પારિષી મજૂમ સ્લાઈડ શો દ્વારા વિવિધ પ્રકારના કેન્સર થવાના કારણો, નિદાન કેન્સરથી સલામત રહેવા આવશ્યક સાવધાની વિગેરે સચોટપણે સમાધાન કરેલ.

સેમિનારની શરૂઆત G.C ના કન્વેનર શ્રી ઉશ્નસ કચેરીયા ઉત્સાહપૂર્વક કર્યા બાદ માનનીય પ્રમુખ શ્રી દક્ષેષ કડકીઆએ ઉદારદિલ દાતાઓ શ્રી સુધીરભાઈ ધારીયા (રંગૂનવાળા) અને શ્રી જતીન દેસાઈનું પુષ્પગુચ્છથી સન્માન કરી આભાર પ્રગટ કર્યો હતો અને મેડિકલ સેન્ટરમાં આવતા ડૉ. એમ.કે.મોગેની સેવાઓનો લાભ લેવા જ્ઞાતિજનોને આગ્રહ કર્યો હતો.

ટાટા હોસ્પિટલમાંથી આવેલ નિષ્ણાંત ડૉકટરોને અમૂલ્ય સમય આપવા બદલ પુષ્પગુચ્છથી સન્માન અને આભાર માની સેમિનારનું સચોટ સંચાલનકાર્ય કિન્નરી મોદી સેવકે કરેલ. માનનીય સુપરિન્ટેન્ડન્ટ ડૉ. અક્ષય સેવકનો મહત્વની જાણકારી આપવા બદલ આભાર તથા પુષ્પગુચ્છથી સન્માન ઉપપ્રમુખ શ્રી પંકજ ધારીયાએ વ્યક્ત કરેલ.

સેમિનાર દરમિયાન રજીસ્ટ્રેશન કરાવવાની ટાટા હોસ્પિટલના તાલમેલ સાવધાની તથા આવેલ જ્ઞાતિજનોની આભારવિધિ કાર્ય અનક્રમે શ્રી મંજુલ ધારીયા, શ્રી નિરંજન પરીખ અને શ્રી કિરીટ ધારીયાને સોંપવામાં આવેલ. બાલાસિનોર મેડિકલ સેન્ટર તરફથી શ્રી નિરંજન પરીખનો આભાર અને સન્માનનું કાર્ય મંત્રી શ્રી પરેશ પરીખને સોંપવામાં આવેલ.

ટાટા હોસ્પિટલ દ્વારા કેન્સર ડિટેકશન કેમ્પ શરૂ થઈ ગયેલ છે અને ભવિષ્યમાં આપણા મેડિકલ સેન્ટરને જ્ઞાતિજનોનો વધુ પ્રતિસાદ મળતો રહે એવી અપેક્ષા.

With Warm Regards
from
**Committe Members of V.D.N.M.**

# MONSOON MEDICAL

- GOLDAN OPPORTUNITY FOR COMMUNITY MEMEBERS
- Pay for 1 person & get the 2nd person's bood prefiles absolutely free of cost.
- Cost for 1 person Rs. 1500/- only for first 100 patients only.
  (1) Lipid Profile : S. Cholestrol, S. Triglyceride, HDL, LDL, VLDL, & the significant Ratio.
  (2) SMA 12 + 60
  F. Blood Sugar, S.Urea, S.Creatinine, LDH, SGOT,
  SGPT, T.Billirubin, Alkaline Phosphatase, Total Protein,
  Albumine, Phosphorus, S. Calcium, Uric Acid.

## મફ્ત મોતિયાબિંદુ

એક આંખનું Cataract Operation નિઃશુલ્ક કરાવવા તા. ૨૭.૫.૨૦૧૪ પહેલા
બાલાસિનોર મેડિકલ સેન્ટરનો સંપર્ક સાધવા વિનંતી. Tel. No. - 23670169

Dr. Deepam Shah (M.D. Dermatologist) Skin hair Specialist available on Thursday from 10 a.m. to 12 a.m. by Appts. only for consultation at concessional Rate at our Medical Centre. **With Regards - V.D.N.M.**


## મિલન

આજ હું અહીં છું
કાલ હસ્તે ક્યાં હશે ?
આપણું આ છેલ્લું 'મિલન'
કાલ, કાળ ક્યારે બને ?
ના કોઈ જાણી રહ્યું
નના કોઈ ભાખી શકે !

કર્મ એવું કરતો જા
કાયા ભલે ભસ્મ થાય !
ગુણ તારા ગાતા થાકે
ફેરો તારો સફળ થાય !

જનમ મરણનું નિત્ય ક્રમ
ના કોઈ ટાળી શકે !

- **'ચાંદશા'**
- **ચંદ્રકાંત શાહ (ચટઈ)**

✤ ✤ ✤ ✤ ✤

## શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ
## બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરીટેબલ ટ્રસ્ટ
## અનુકરણીય દાન

ચાલુ માસ દરમ્યાન મંડળને નીચે મુજબ સ્વૈચ્છિક દાન વચન મળેલ છે.

૧. **એક શિક્ષણપ્રેમી** તરફથી
રૂા. ૩૦,૦૦૦ (રૂા. ત્રીસ હજાર)

૨. **શ્રી યોગેશ ઓચ્છવલાલ પરીખ (સહદેવ)** તરફથી
રૂા. ૧૧,૦૦૦ (રૂા. અગિયાર હજાર)

(**નોંધ :** જ્યોતિપુંજ એપ્રિલ ૨૦૧૪નાં અંકમાં સરતચુકથી શ્રી યોગેશ ઓચ્છવલાલ પરીખ તરફથી તેમના સુપુત્ર ચિ. અર્પણના લગ્ન પ્રસંગે છપાયેલ તે સુધારીને સ્વૈચ્છિક દાન મળેલ છે એમ વાંચવું. ભુલચુક થી થયેલ ગેરસમજ અને ક્ષોભજનક પરિસ્થિતિ માટે મંડળ દિલગીરી વ્યક્ત કરે છે)

મંડળ દાતાશ્રીઓનો અને તેમનાં પરિવારનો હૃદયપૂર્વક આભાર માને છે.

### શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

મંડળની ૯૦મી વાર્ષિક સામાન્ય સભા ૨૧મી સપ્ટેમ્બર ૨૦૧૪-રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે મંડળનાં પ્રમુખ શ્રી રસિકલાલ મણિલાલ લાકડાવાળાનાં પ્રમુખ સ્થાને રમા વાટુમલ ઓડિટોરીયમ (કે.સી.કોલેજ-ચર્ચગેટ), મુંબઈ - ૪૦૦૦૨૦ ખાતે આયોજિત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર) પુરસ્કૃત Talent Appreciation Scheme ના ઉપક્રમે, વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના, શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે.

### વાડસોલ કર્મવીર

મંડળને અવિરત ૫૧ વર્ષ, સંનિષ્ઠ અને કાર્યદક્ષ સેવા આપી માર્ગદર્શન ભુમિકા ભજવનાર દાતાશ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)ની પ્રેરક સ્મૃતિ રૂપે 'વાડસોલ કર્મવીર' સન્માન પદક આપવામાં આવેલ છે.

જે અન્વયે આ વર્ષે, આપણા સમાજની વિવિધ સંસ્થાઓને દીર્ઘકાલિન કાર્યક્ષમ રાહબરી પુરી પાડનાર કાર્યકર્તા તેમજ જ્યોતિપુંજના પ્રથમ તંત્રી

શ્રી પ્રવીણ સાંકરલાલ દેસાઈની સેવાઓને 'વાડસોલ કર્મવીર' સન્માન થી ગૌરવાન્વિત કરાશે.

**માનદ્ મંત્રીઓ**
**મંજુલ શૈલેષ ધારીઆ - જસ્મીન શેઠ**

---

## શ્રી ગોકુલનાથજી મંદિર બાલાસિનોર
## એક અગત્યની જાહેરાત

શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટી મંડળ દ્વારા એક સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.

ઘણા વર્ષોથી જે વ્યક્તિ હયાત ના હોય તેમનો નેકભોગ તથા કેસર સ્નાન સ્થગીત કરવાનું નક્કી કર્યું છે.

તેમના કોઈ અંગત લાગતા વારસદારોને નેક ભોગ તથા કેસર સ્નાન ચાલુ રાખવો હોય તો ૨૦૭૦ના આશો વદ અમાસ સુધી મંદિરમા જાણ કરી અને ખુટતી રકમ જમા કરવાની રહેશે.

નેક ભોગની રકમ રૂા. ૩૦૦૧/- તથા કેસર સ્નાન ની રકમ રૂા. ૭૫૦૧/-

વ્યક્તિ હાજર હશે તોજ નેકનો પ્રસાદ તેમના ઘરે આપવામાં આવશે. અન્ય કોઈને ઘરે પ્રસાદ આપવામાં આવશે નહીં. વધુ વિગત માટે મંદિરના ટ્રસ્ટીઓનો સંપર્ક કરવો. **- શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ - પ્રમુખ**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

## શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

ઉપર્યુક્ત મંડળ/ટ્રસ્ટ સંચાલિત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષે (૨૦૧૪-૧૫) શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થીમિત્રોએ તા. ૧-૬-૨૦૧૪ બાદ નીચે જણાવેલ સ્થળેથી અરજીપત્રક મેળવી લેવા અને તા. ૧૫-૮-૨૦૧૪ સુધી સંપુર્ણ વિગત સાથે ભરીને તે જ સ્થળે પાછા આપી જવા.

અરજીપત્રક સાથે ચાલુ વર્ષ (૨૦૧૪-૧૫)ની ફી ભર્યાની Original રસીદ (Xerox સાથે) તેમજ ગત વર્ષની પરીક્ષા પાસ કર્યાના પરિણામની Xerox આપવી જરૂરી છે. અધુરી વિગત સાથેના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

**અરજી પત્રક સંપુર્ણ વિગત ભરીને પાછા આપવાનું સ્થળ :**

૧. **શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)**
બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી., ગણેશ કૃપા, સિક્કા નગર, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪
સમય : સોમ થી શનિ : બપોરે ૩ થી ૫.૩૦ કલાક

૨. **શ્રી કીર્તિભાઈ કડકીઆ (લટકારી)**
શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫/૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨,
સમય : સોમવાર થી શનિવાર બપોરના ૪.૦૦ કલાકથી સાંજે ૬.૦૦ કલાક સુધી.

સંપુર્ણ વિગત ભરેલા અરજીપત્રક મળ્યા બાદ દરેક અરજીપત્રકની યોગ્ય ચકાસણી કરવામાં આવશે અને શૈક્ષણિક સહાય સમિતિની મંજુરીને આધીન રહેશે.

**મંજુર થયેલ શૈક્ષણિક સહાયના ચેક મેળવવાનું સ્થળ :**

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫/૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨
સમય : સોમવાર થી શનિવાર સવારે ૧૧.૩૦ કલાક થી સાંજે ૫ કલાક સુધી.

## પારિતોષિક યોજના

શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪નાં અભ્યાસક્રમ દરમ્યાન માર્ચ/એપ્રિલ/મે ૨૦૧૪ અથવા અન્ય સમયે લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીમિત્રોને વિવિધ શૈક્ષણિક વિભાગમાં સખાવતી દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ ન્યાસફંડની રકમનાં વ્યાજમાંથી મંડળ/ ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ પારિતોષિક આપવામાં આવે છે.

**નોંધ :** આ યોજના S.S.C. (ધોરણ ૧૦) તેમજ ત્યારબાદ કોલેજના ઉચ્ચતર અભ્યાસક્રમ માટે જ છે. સફળ વિદ્યાર્થીમિત્રોએ પરિણામ (માર્કશીટ)ની ઝેરોક્ષ કોપી મંડળની કારોબારી સમિતિના સભ્યોને તા. ૩૧-૮-૨૦૧૪ પહેલાં મોકલાવી આપવા વિનંતી.

ઉપયુક્ત બન્ને પ્રવૃત્તિ અંગેની વધુ માહિતી માટે મંડળના માનદ્ મંત્રીઓનો સંપર્ક સાધવો.

**માનદ્ મંત્રીઓ**

**શ્રી જસ્મીન બિપીન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦    શ્રી મંજુલ શૈલેશ ધારીઆ - ૯૮૨૦૧૩૫૦૧૪**

# કે.એમ.જી.જનરલ હૉસ્પિટલ-બાલાસસિનોર

**નીચે મુજબના વિવિધ વિભાગોમાં તા. ૧.૪.૧૩ થી તા. ૩૧.૩.૧૪ દરમ્યાન દર્દીઓએ લાભ લીધેલ.**

| | | |
|---|---|---|
| ૧) | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) ગાયનેક વિભાગ : | ૧૨૫૪૬ |
| ૨) | શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) સર્જીકલ વિભાગ : | ૭૩૯૦ |
| ૩) | મણીબેન મણીલાલ ધારીઆ ડીસ્પેન્સીગં વિભાગ : | ૩૨૮૯ |
| ૪) | નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) શીરોલોજી વિભાગ : | ૨૬૯૬ |
| ૫) | લીલાબેન કીર્તનલાલ દોશી નેત્ર વિભાગ : | ૧૪૯૩૯ |
| ૬) | મોજીલાલ છોટાલાલ ધારીઆ ફીજીયોથેરાપી વિભાગ : | ૪૫૦૨ |
| ૭) | મણીબેન ઓચ્છવલાલ ચંદુલાલ પરીખ (બખલી) બાળ વિભાગ : | ૨૦૭૫ |
| ૮) | લીલાબેન અને ડૉ. બાબુભાઈ સાંકરલાલ દેસાઈ ફીજીશીયન વિભાગ : | ૨૫૪૯૫ |
| ૯) | નટવરલાલ ચીમનલાલ પરીખ (રાઠોડીયા) કાર્ડીયોગ્રામ વિભાગ : | ૨૭૦૫ |
| ૧૦) | શ્રીમતી ઈન્દુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) મનોચિકિત્સા વિભાગ : | ૨૬૧૬ |

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલ.**

**૧) શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) પોલીયો અને કૃત્રિમ હાથપગ કેમ્પ :** તા. ૧૧.૩.૧૪ના રોજ યોજવામાં આવેલ. કુલ ૦૮ દર્દીઓએ લાભ લીધેલ.

**૨) કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબીટીસ કેમ્પ :** તા. ૨૩.૩.૧૪ ના રોજ યોજવામાં આવેલ. કુલ ૧૮૦ દર્દીઓએ લાભ લીધેલ. ૧૭૪ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ તથા ૧૫ ઈસીજી ફ્રી કરવામાં આવેલ. તેમજ ૧૬૧ દર્દીઓને દશ દિવસની દવાઓ મળીને કુલ રૂા. ૪૯૭૩૯/-ની માફ કરવામાં આવેલ.

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાનઃ**

| | | |
|---|---|---|
| ૧) | પૂર્ણિમા શશીકાંત ધારીઆ (દલાલ) ચેરીટેબલ ટ્રસ્ટ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૨) | ચંદ્રકાંત સી. દેસાઈ | રૂા. ૫૧,૦૦૦/- |
| ૩) | ઈલા કવિન્દ્ર ધ્રુવ | રૂા. ૫૦,૦૦૦/- |
| ૪) | ડૉ. કેતન સતિષ પરીખ | રૂા. ૨૫,૦૦૦/- |

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ ઓપરેશન મિતિ :**

(૧) હેમલતા એ. ધારીઆ
(૨) સુમનલાલ હિરાલાલ શાહ
(૩) સવિતાબેન સુમનલાલ શાહ
(૪) સ્વ. મહાલક્ષ્મીબેન હિરાલાલ શાહ

**માનદ્ મંત્રીઓ - શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની **૯મી બેઠક** તા. ૩૧-૩-૨૦૧૪ના રોજ સાંજે ૬-૪૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ સભાગૃહ) સંસ્થાની ઓફીસ ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠ એ ગત મીટીંગના કાર્યનોંધનું વાંચન કર્યુ હતું તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

શ્રીમતી મનોરમાબેન હસમુખભાઈ ધારીઆ બી.પી.એલ ટી ૨૦ ના સંયોજક શ્રી ચીરાગ પરીખ એ તેમનો વાર્ષિક હિસાબ તથા અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી (ચેપ) જનસાથી ટ્રોફી, શ્રી દીલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) બી એન એસ લાલખા ક્રિકેટ ટ્રોફી અને શ્રી મુળજીભાઈ ચંદુલાલ ધારીઆ (લાલખા) અને શ્રી પુનમચંદ સાંકરલાલ કડકીઆ (બેરા) લાલખા-બેરા T - ૨૦ના સંયોજક શ્રી ચીરાગ પરીખએ એમનો વાર્ષિક અહેવાલ અને હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા) ઉપનગર વિભાગ તથા શ્રીમતી મણીબેન મનીલાલ શાહ ઉપનગર શાળા ૧-૯ વાર્ષિક પારીતોષીક યોજનાના સંયોજક શ્રી સુનીલ મોદીએ એમનો અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી સુરેન્દ્રભાઈ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) શ્રી દક્ષેશભાઈ શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝીસ) ના સંયોજક શ્રી સંજય શાહ એ એમનો વાર્ષિક અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી શાંતાબેન કાન્તીલાલ લાલચંદ દોશી મહિલા વિભાગના સંયોજક શ્રીમતી પ્રતિમાબેન ધારીઆએ એમનો વાર્ષિક હિસાબ તથા અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી સ્વાસ્થય યોજના, શ્રીમતી તારાબેન કીર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ હોસ્પીટલ સહાય યોજના, શ્રીમતી કમલાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાળા) ટ્રીટમેન્ટ ફોર કેન્સર યોજના, ઉજસ અનીષ ગાંધી ટ્રીટમેન્ટ ફોર બાય પાસ સરજરી યોજના, શ્રીમતી દમયંતીબેન પ્રવિણચંદ્ર શાહ (ઝાટ) ટ્રીટમેન્ટ ફોર કેટરેકટ ઓપરેશન યોજના, અને શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયલીસીસ યોજનાના સંયોજક તથા સંસ્થાના ઉપ-પ્રમુખ શ્રી સૌમિલ મોદીએ તેમનો વાર્ષિક હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી) પુસ્તક યોજના, શ્રી મનોજભાઈ પ્રવિણચંદ્ર કચેરીઆ મેડીકલ અને એન્જીનીયરીંગ ટેક્ષબુક યોજના, શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) પરિવાર પોસ્ટ ગ્રેજ્યુએશન ટેક્ષબુક યોજના, શ્રીમતી નુતનબેન અક્ષયભાઈ પરીખ (બખલી) XI ધોરણથી ગ્રેજ્યુએશન ટેક્ષબુક યોજના

અને માતુશ્રી મણીબેન અને પિતાશ્રી વલ્લભદાસ ગાંધી પ્રોફેશનલ કોર્સ ટેક્ષબુક યોજનાના સંયોજક શ્રી જગદીશ પરીખએ એમનો વાર્ષિક અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીજી મેડીકલેમ યોજનાના સંયોજક તથા સંસ્થાના સહમંત્રી શ્રી નીલેશ શાહ એ એમનો વાર્ષિક હિસાબ તથા અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મંજુલાબેન શાંતીલાલ મહેતા (ધરીવાલા) કોમ્પ્યુટર એજ્યુકેશન યોજનાના સંયોજક શ્રી અલ્પેશ ધારીઆ એ એમનો વાર્ષિક હિસાબ તથા અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

ગીરીપુજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીનચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજના ના સંયોજક શ્રી ચંદ્રેશ કડકીઆ એ એમનો વાર્ષિક હિસાબ તથા અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી મનોજભાઈ / અમરીષભાઈ કન્સેશનલ રેટ નોટબુક યોજના અને શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજનાના સંયોજક શ્રી અજય દોશી એ જણાવ્યું હતું કે તા. ૨૫-૫-૨૦૧૪ના રોજ કન્સેશનલ રેટ નોટબુકનું વિતરણ વિવિધ સેન્ટરો પર ચાલુ થશે તથા રાહત નોટબુકનું વિતરણ તા. ૧-૬-૨૦૧૪ના રોજ સંસ્થાની ઓફીસ ખાતે થશે. વધુ મા તેમને જણાવ્યું હતુ ગત વર્ષની જેમ આ વર્ષે પણ સંપૂર્ણ રાહત નોટબુકનું વિતરણનો ખર્ચ શ્રી નૈનેશભાઈ શાંતીલાલ પરીખ (રાઠોડીયા) તરફથી રહેશે. સંસ્થા તેમનો આભાર માને છે.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

### ૧૦ મી બેઠક

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૧૦મી બેઠક તા. ૨૩-૪-૨૦૧૪ બુધવારના રોજ સાંજે ૬.૪૫ કલાકે ગોલ્ડન વ્હીલ રેસ્ટોરેન્ટ જે.એસ.એસ.રોડ મુંબઈ - ૪ ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠ એ ગત મીટીંગના કાર્યનોધનું વાંચન કર્યુ હતુ તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

સંસ્થાના મંત્રીશ્રી ભાવેશ મોદીએ વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી નીકેશ ગાંધી એ વિવિધ પ્રવૃત્તીઓના બજેટની ફાળવણી કરી હતી તે પસાર કરવામાં આવી હતી.

સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ વન-ડે મીટીંગ તા. ૨૪-૫-૨૦૧૪ તથા વાર્ષિક સામાન્ય સભા તા. ૨૯-૬-૨૦૧૪ની જાહેરાત કરી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

## પ્રકીર્ણ વિભાગ

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| ગિરીશભાઈ મોજીલાલ શાહ (કડુજી) | ૬૨ |
| મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય) | ૮૪ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**